મહત્તમ : ૨૯.૨ ડીગ્રી
લઘુતમ : ૧૭.૫ ડીગ્રી
ભેજ
સવારે ૫૧ ટકા ● સાંજે ૪૧ ટકા
ગાંધીનગર તાપમાન



# સિવિલના આઠમા માળેથી યુવાને પડતુ મુકયુ

## ૬ વર્ષથી માનસિક બિમારીનો ભોગ બનેલા સે-૬ના ૨૭ વર્ષીય યુવાને સવારે હોસ્પિટલની નવી બિલ્ડીંગમાં જઈને નીચે છલાંગ લગાવી

ગાંધીનગર, તા.૧૩

શહેરના સેકટર-૬ ખાતે રહેતા ૨૭ વર્ષીય અપરિણીત યુવાને આજે સવારે આઠેક વાગ્યાના અરસામાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલની નવી બિલ્ડીંગના આઠમા માળે ચઢીને નીચે છલાંગ લગાવી આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. યુવાને કયા કારણોસર અંતિમ પગલું ભર્યું અને હોસ્પિટલમાં જઈને જ કેમ આ પગલું ભર્યું તે બાબતની હજુ તપાસ ચાલી રહી છે. જો કે પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે યુવાન ૬ વર્ષથી માનસિક બિમારીનો ભોગ બનેલો છે. સેકટર-૭ પોલિસે અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતદેહ પી.એમ. કરાવી ઘટનાની ઉંડી તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ શહેરના સેકટર-૬-બી, પ્લોટ નં. ૫૯૮/૨ ખાતે રહેતો ૨૭ વર્ષીય અપરિણીત યુવાન દિગ્વીજય કાળીદાસ શ્રીમાળી ધોરણ-૧૨ સુધી ભણેલો હતો અને હાલ કોઈ નોકરી કરતો ન હતો. સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીઓ કરતો હતો તેના પિતાનું વર્ષ પહેલા અવસાન થયું હતું. તેને એક બહેન અને એક



ભાઈ છે. ભાઈને રહેમરાહે રેલવે વિભાગમાં નોકરી ચાલે છે. અંજાર નોકરી હોવાથી ભાઈ ત્યાં રહે છે અને તેની માતા પણ અંજાર રહે છે. દિગ્વીજય ગાંધીનગર સેકટર-૬ના આ મકાનમાં એકલો રહેતો હતો. ૬ વર્ષથી માનસિક રોગથી પિડાતા આ યુવાનને સાયકીયાટ્રીક તબીબ પાસે દવા ચાલતી હતી. ૧૧ તારીખે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં તેણે વધુ સારવાર માટે કેસ પણ કઢાવ્યો હતો. દરમિયાન આજે સવારે ઘરેથી એક થેલી લઈને દિગ્વીજય નીકળી ગયો હતો અને આઠેક વાગ્યાના અરસામાં સિવિલ હોસ્પિટલની નવી બિલ્ડીંગમાં આવીને આઠમા માળે જઈને પાળી ઉપર ચઢી છલાંગ લગાવી આપઘાત કરી લીધો હતો. સફાઈ કામ કરી રહેલા એક સ્વીપરનું ધ્યાન પાળી ઉપર ચઢી રહેલા દિગ્વીજય પર પડતા તેણે બુમ પાડી ત્યાં સુધીમાં તો દિગ્વીજયે છલાંગ લગાવી જીવનલીલા સંકેલી નાંખી હતી. ઘટના અંગે સેકટર-૭ પોલિસને જાણ થતા પી.એસ.આઈ. એફ.એમ. પરમાર ઘટનાસ્થળે આવી ગયા હતા અને મૃતદેહ પી.એમ. કરાવી તેના વાલીવારસને જાણ કરી બોલાવી લીધા હતા. પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી આપઘાતનું ચોકકસ કારણ બહાર લાવવા તપાસ તેજ બનાવી છે.

### સિવિલમાં જયાં ઘટના બની તે જ સીસીટીવી કેમેરા બંધ

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આજે સવારના સુમારે આઠમા માળેથી એક નવયુવાને નીચે ઝંપલાવતા મોત નિપજયું હતું. નવી બિલ્ડીંગના તમામ ફલોર સીસીટીવી કેમેરાથી સજ્જ છે. પરંતુ પોલીસ અને તંત્રએ યુવાન કેવી રીતે નીચે પટકાયો તે જોવા માટે સીસીટીવી ફુટેજ જોવા ગયા ત્યારે આઠમા માળે માત્ર એક જ સીસીટીવી કેમેરો ચાલુ હાલતમાં છે બાકીના બે કેમેરા બંધ હાલતમાં છે. જે આ ઘટનાની કોઈ મુવમેન્ટ પકડી શકી નથી.

પ્રાપ્ત માહિતી મુજબ પાટનગરની સિવિલ અતિ આધુનિક બની ગઈ છે. તાવથી માંડીને કીડનીના રોગની સારવાર સિવિલમાં થાય છે. ત્યારે સિવિલ રોજ દર્દીઓથી ઉભરાતી જોવા મળે છે. સિવિલમાં આરોગ્યલક્ષી સેવાઓમાં પણ વધારો થવા પામ્યો છે. ત્યારે ઓપીડી, તાત્કાલીક વિભાગ, લેબોરેટરી, સહિત નવી બિલ્ડીંગના તમામ વોર્ડ અને ફલોર પર સીસીટીવી કેમેરાથી સિવિલને સજ્જ કરી દેવામાં આવી છે. સિવિલમાં આવતા દરેક મુલાકાતી અને તેની હિલચાલ પર તીસરી આંખથી નજર રાખવામાં આવી રહી છે. ત્યારે આજે નવી બિલ્ડીંગના આઠમા માળેથી એક યુવાન નીચે પટકાતા તેનું મોત નિપજયું હતું. પરંતુ આ યુવાન કોણ છે, કોઈને મળવા આવ્યો હતો કે દવા લેવા માટે આવ્યો હતો તે ઉપરાંત યુવાન સીડીથી આવ્યો હતો કે લીફટમાં આવ્યો હતો. તે સહિતની જાણકારી મેળવવા માટે પોલીસ અને વહીવટી તંત્ર દ્વારા કવાયત હાથ ધરવામાં આવી હતી. જેમાં જાણવા મળ્યું હતુ કે આઠમા માળના ત્રણ માંથી બે સીસીટીવી કેમેરા બંધ હાલતમાં હોવાનું જાણવા મળ્યું છે. જયારે એક કેમેરો છે તેમા સ્પષ્ટ આ ઘટનાની કોઈ મુવમેન્ટ પકડાતી નથી. જયારે સિવિલના સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ સિવિલના સીસીટીવી કેમેરાનું મેઈન્ટેન્સ અને જાળવણીની મુદત પુરી થઈ ગઈ છે. જેથી મોટાભાગના કેમેરા બંધ હાલતમાં છે અને જે ચાલું છે તેનો ઉપયોગ કોઈ દિવસ કર્યો નથી. ત્યારે દશેરાના દિવસે ઘોડું ના દોડતા સિવિલના સત્તાધીશો પણ ચિંતિત નજરે પડી રહ્યા છે ત્યારે નીચે પટકાયેલા યુવાનની કોઈ પણ મુવમેન્ટ સીસીટીવી કેમેરામાં આવી નથી. ત્યારે કેમેરાની જાળવણી અને નિભાવણી માટે ખાનગી કંપનીને કામ સોંપાયું છે પરંતુ તેની જાળવણીની મુદત પુરી થઈ ગઈ હોવાનુ માલુમ પડ્યું છે.

## લાયોનેસ કલબ દ્વારા યોગ શિબિર યોજાઈ



લાયોનેસ કલબ દ્વારા યોગ શિબિરનુ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં એમ.ડી. ડો.રાજીવ હર્ષે દ્વારા ઓછા સમયમાં વધુ સારી રીતે ઘડીયાલના કાંટે ટાઈમર યોગા શિખવાડવામાં આવે છે. આ શિબિરનું આયોજન લાયોનેસ જાગૃતિબેન તેમજ પ્રમુખ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સેક્રેટરી, એરીયા ચેરપર્સન, યોગા અને મેડીટેશન કમિટી ચેરમેન સહિત મોટીસંખ્યામાં પૂર્વ પ્રમુખો તેમજ સભ્યો હાજર રહ્યા હતા.

## ગેજીયા ઇન્ટર સ્પોર્ટ ટૂર્નામેન્ટમાં ક્રિકેટ-વોલીબોલ સ્પર્ધા યોજાઇ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર ઈલેકટ્રોનિકસ ઝોન ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન - ગેજીયા દ્વારા છેલ્લા ચાર વર્ષથી ગેજીયા ઈન્ટર સ્પોર્ટ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવે છે. તે અંતર્ગત ચાલુ વર્ષે પણ ક્રિકેટ તથા વોલીબોલ ટૂર્નામેન્ટનું આયોજન ગત ૨૦મી ડિસેમ્બરથી ૧૧મી જાન્યુઆરી સુધી કરવામાં આવ્યુ હતું.

જેમાં ક્રિકેટમાં ૪૦ અને વોલીબોલમાં ૬ ટીમોએ ભાગ લીધો હતો. ગઈકાલે ટૂર્નામેન્ટની ફાઈનલ મેચો રાખવામાં આવી હતી. ક્રિકેટમાં દિવ્યશક્તિ સીકયુરીટીઝ પ્રાઈવેટ લિમિટેડ વિજેતા બની હતી. જયારે રનર અપ તરીકે ફોટોનીકસ વોટરટેક પ્રાઈવેટ લિમિટેડ રહી હતી. વોલીબોલમાં ભવાની ઈલેકટ્રોનિક્સ વિજેતા બન્યા હતા અને રનર અપ ટી.આઈ.સી.એસ. ટેકનોલોજી બન્યા હતા.



આ કાર્યક્રમમાં સમગ્ર એસ્ટેટના ઉદ્યોગકારો, કર્મચારીઓ સાથે ગેજીયાના પ્રમુખ સમીર ત્રિવેદી, ઉપપ્રમુખ ચાણક્ય પટેલ, સેક્રેટરી નિતેષ પટેલ, ગેજીયા સ્પોર્ટસ કમિટિ ચેરમેન મનસુખ ગોંડલિયા, જીઆઈડીસીના અધિકારીગણ તથા ગેજીયા કારોબારીના તમામ મેમ્બર અને પૂર્વ પ્રમુખો પણ ઉપસ્થિત રહ્યા હતા.

## વાતવાતમાં

● રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને રાજયના મુખ્યસચિવ જે.એન. સિંઘ વચ્ચે શુક્રવારે ગાંધીનગર ખાતે બે કલાક બંધબારણે યોજાયેલી ચર્ચાએ પાટનગરના રાજકીય વર્તુળોમાં ઉત્તેજના જગાવી છે.

● રાજયમાં વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ યોજાઈ ગયા બાદ ખર્ચ નિરીક્ષકો તેમના અંતિમ રિપોર્ટ માટે રાજયના વિવિધ જિલ્લાઓમાં વ્યસ્ત છે.

● ગાંધીનગર જિલ્લાના પ્રજાસત્તાક દિનની ઉજવણી દહેગામ ખાતે કરવામાં આવશે. આ માટે તંત્ર દ્વારા તૈયારીઓ આરંભી દેવામાં આવી છે.

● ગ્રેટર નોઈડા ખાતે રાષ્ટ્રીય યુવા દિનની ઉજવણી માટે યોજાયેલા નેશનલ યુથ ફેસ્ટિવલમાં ગાંધીનગરની અશ્વિનભાઈ કોમર્સ કોલેજના ૪ યુવા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ યુવાનોમાં જૈમિન પટેલ, નિલાંજના રાય, પિંકલ પટેલ અને અજય ગોસ્વામીનો સમાવેશ થાય છે જેમણે વકતૃત્વ સ્પર્ધા, લઘુનાટક, લોકનૃત્ય ઉપરાંત ગરબાનું પરફોર્મન્સ આપ્યું હતું.

● શહેરના સે-૨૨માં નવા ઉભા કરાયેલા વીજ થાંભલા પણ ૧૭/૨૨થી આયુર્વેદ હોસ્પિટલ અને આયુર્વેદ હોસ્પિટલથી વોર્ડ કચેરી જતા રસ્તાની સ્ટ્રીટ લાઈટો બંધ રહેતા વસાહતીઓમાં રોષની લાગણી જન્મી છે.

● અમદાવાદની ક્રાઈમ બ્રાન્ચ પોલિસ પર હુમલાની ઘટનામાં ગિરફતાર કરાયેલા પાંચ આરોપીઓને ગાંધીનગર કોર્ટમાં રજુ કરાયા હતા. કોર્ટે આરોપીઓના તા. ૧૮મી જાન્યુઆરી સુધીના રીમાન્ડ મંજૂર કર્યા છે.

## સર્વિસ રિવોલ્વરથી પીએસઆઈનો લમણે ગોળી મારીને આપઘાત

### સે-૨૭ પોલિસ સ્ટાફ કવાટર્સમાં રહેતા કવીક રીસ્પોન્સ ટીમના પીએસઆઈએ નાઈટ ડયુટી પતાવીને ઘરે આવી અંતિમ પગલું ભર્યું : પોલિસ બેડામાં શોકનો માહોલ : આપઘાતનું રહસ્ય અકબંધ

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેરના સેકટર-૨૭ ખાતે પોલિસ સ્ટાફ કવાર્ટરમાં રહેતા ૫૬ વર્ષીય પીએસઆઈ એ આજે સવારના સુમારે પોતાના ઘરે જ સર્વિસ રિવોલ્વરથી પોતાના લમણે ગોળી મારી દઈને આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. કવીક રીસ્પોન્સ ટીમના પીએસઆઈ એ કયાં કારણોસર આપઘાત કરી લીધો તે બાબતની તપાસ શરુ કરવામાં આવી છે. આ ઘટનાથી જિલ્લા પોલિસ બેડામાં શોકની કાલીમા છવાઈ જવા પામી છે. સેકટર-૨૧ પોલિસે પોસ્ટમોર્ટમ કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને એફએસએલ બોલાવી ઘટનાની તપાસ શરુ કરી છે.

સેકટર-૨૭, બ્લોક-સી, પોલિસ સ્ટાફ કવાટર્સમાં રહેતા ૫૬ વર્ષીય પીએસઆઈ કુંવરસિંહ યુ. આહીર (કે.યુ. આહીર) પહેલા એસઆરપી ગૃપ-૧૨ માં ફરજ બજાવતા હતા. અત્યારે તેઓ એસપી ઓફીસમાં કવીક રીસ્પોન્સ ટીમના પીએસઆઈ હતા. પીએસઆઈ કે.યુ. આહીરને ગઈ



કાલે નાઈટ ડયુટી હતી. આજે સવારે ડયુટી પુરી કરીને તેઓ ઘરે આવ્યા પણ ગેસ ટ્રબલ હોવાથી બેચેન હતા. તેમનો દિકરો ગેસની તકલીફ દુર થાય તે માટે સવારે દવા લેવા મેડીકલ સ્ટોરમાં ગયો ત્યાં સુધીમાં કોઈ કારણોસર ઘરે જ કે.યુ. આહીરે પોતાની સર્વિસ રિવોલ્વર પોતાના લમણે તાકીને ટ્રીગર દબાવી દઈ પોતાને જ ગોળી મારીને આપઘાત કરી લેતા સન્નાટો મચી ગયો હતો. તાત્કાલિક તેમના પત્નિ પ્રેમદેવી ગન શોટ ઈન્જરીની સ્થિતિમાં બેભાન હાલતમાં સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ આવ્યા હતા. તબીબોએ પમ્પીંગ શરુ કરી ટ્રીટમેન્ટ શરુ કરીને પીએસઆઈનો જીવ બચાવવા પ્રયત્નો શરુ કર્યા પરંતુ સારવાર દરમિયાન તેમનું પ્રાણ પંખેરું ઉડી ગયું હતું. ઘટનાની જાણ થતાં જ પોલિસ અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે આવી પહોંચ્યો હતો. સે-૨૧ પોલિસે અકસ્માત મોતનો ગુનો નોંધી પીએસઆઈનો મૃતદેહ પી.એમ. કરાવી એફએસએલની મદદ લઈ ઘટનાની તપાસ શરુ કરી છે અને આપઘાતનું કારણ બહાર લાવવા સે-૨૧ પી.આઈ. ટી.એલ. વાઘેલાએ તપાસ તેજ કરી છે. પીએસઆઈના આપઘાતના સમાચારથી પોલિસ બેડામાં તથા પરિવારજનોમાં ગમગીની છવાઈ જવા પામી છે.

## સે-૨૪માં સ્નેહમિલન સમારંભ યોજાયો

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનરના મીનાબજાર ખાતેના પ્રગતિ લારી-પાથરણા મંડળ તથા માલી-રામી સમાજના ટ્રસ્ટી, ભાજપ મહાનગર બક્ષીપંચ મોરચાના પૂર્વ મંત્રી, ગુજરાત પર પ્રાંતિય ઓબીસી અધિકાર મંચના કન્વીનર તુલસીભાઈ માલી ચોળાફળીવાળા દ્વારા તેમના સેકટર-૨૪ ખાતેના નિવાસસ્થાને સ્નેહમિલન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્નેહમિલન સમારંભના મુખ્ય મહેમાન પદે પૂર્વ ખાદી-સહકાર મંત્રી વાડીભાઈ પટેલ ઉપરાંત ગાંધીનગરના મેયર પ્રવિણભાઈ પટેલ, શહેર ભાજપ પ્રમુખ મહેન્દ્રભાઈ દાસ, પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા, વોર્ડ નં. ૪ના



કોર્પોરેટર્સ ધીરુભાઈ ડોડિયા, પ્રવિણાબેન દરજી, નીલાબેન શુકલ તથા અંકિતભાઈ બારોટ, પૂર્વ કોર્પોરેટર્સ સુરેશભાઈ મહેતા, સંદિપભાઈ જયોતિકર વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે સ્નેહમિલન સમારોહમાં પ્રજાપતિ સમાજના નરેશભાઈ પ્રજાપતિ, ગુર્જર સમાજના માંગીલાલ ગુર્જર, માલી-રામી સમાજના પ્રવિણભાઈ રામી, માલી-રામી સમાજ સ્પર્ધાત્મક પરીક્ષા તાલીમ કેન્દ્રના સંચાલક તથા હિંમતનગર નગરપાલિકાના ચીફ ઓફિસર પાંચાભાઈ માળી, ગઢવી સમાજના ચારણભાઈ, સોની સમાજના અગ્રણી અચલભાઈ સોની, રબારી સમાજના દુધારામ રબારી તથા ઘ-૫ ચોપાટીના અગ્રણી વેપારી મદનભાઈ મોદી ભાજીપાઉંવાળા તથા મછાજી વગેરેએ હાજરી આપી હતી. તુલીસભાઈ માલી દ્વારા તમામ મહેમાનોને શુભેચ્છા ભેટ આપી આભાર પ્રગટ કરાયો હતો.

## એમ.બી. પટેલ શાળામાં સકરસંક્રાંતિના પર્વ નિમિત્તે ફિરકીઓનું વિતરણ

ગાંધીનગર, તા. ૧૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાથમિક શાળામાં આજે સંસ્થાના પૂર્વ ચેરમેન સ્વ. માણેકલાલ પટેલની પુણ્યતિથી તથા સકરસંક્રાંતિના પવિત્ર તહેવાર નિમિત્તે શાળાની ધોરણ-૧ અને ૨ની ૪૦૦ વિદ્યાર્થીનીઓને પતંગ ઉડાડવાની મજા લઇ શકે તે માટે ફિરકીઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

શાળાના સુપરવાઇઝરોના હસ્તે ફિરકીઓનું વિતરણ કરવામાં આવ્યુ હતું. શાળાના આચાર્ય નીરૂબેન જે. પટેલે પતંગ ઉડાડતી વખતે કઇ કઇ બાબતોનું ધ્યાન રાખવું તેની માહિતી આપી હતી અને તહેવારની શુભેચ્છા પાઠવી હતી.

## માર્ગ-સલામતી સપ્તાહનો શહેર વસાહત મહામંડળ દ્વારા શુભારંભ

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ ગાંધીનગર જિલ્લા ટ્રાફિક પોલિસ, એઆરટીઓ ગાંધીનગર કચેરીના સંયુકત ઉપક્રમે છેલ્લા ૨૫ વર્ષથી જનજાગૃતિના કાર્યક્રમો યોજવામાં આવે છે. જેના ભાગરૂપે ગાંધીનગર શહેરથી આજ રોજ જનજાગૃતિના કાર્યક્રમોનો પ્રારંભ થયો હતો.

પોલિસ ઈન્સ્પેકટર વાલેરાસાહેબ, મહામંડળના પ્રમુખ અરૂણભાઈ બુચ, ટ્રાફીક પી.આઈ. વ્યાસ, ટ્રાફીક પોલિસ, હોમગાર્ડસ તથા સીતારામભાઈ પટેલ, મયુરભાઈ વ્યાસ, ડૉ.પંચાલ, સુનિલ શાહ સહિત વાહનવ્યવહારમાં સરળતા લાવવા લોકો સાથે જનજાગૃતિ પરામર્શ, સાહિત્ય વિતરણ કાયદાનું પાલન કરે તેમનું સન્માન અને જેઓ કાયદાનું પાલન નથી કરતા તેવોને શીખ આપવામાં આવી હતી.

આગામી દિવસોમાં જનજાગૃતિ વિદ્યાર્થીઓ દ્વારા લાવવા પ્રયત્નો કરાશે. વર્ષ ૨૦૧૬માં ૭૪૦ અકસ્માતો સામે ૨૪૮ મૃત્યુ જિલ્લામાં તથા શહેરમાં ૨૮ લોકોએ જાન ગુમાવ્યા હતા તેથી ૨૦૧૮ના વર્ષમાં સૌ સલામત વાહન ચલાવી, કાયદાનું પાલન કરી અને અકસ્માતો ઘટાડીએ તેવી ગાંધીનગર શહેર વસાહત મહામંડળ, જિલ્લા પોલિસ તંત્ર, આરટીઓ દ્વારા અપેક્ષા સેવવામાં આવી હતી.

આગામી દિવસોમાં અનેક જનજાગૃતિ તથા વાહનચાલકોની તબીબી તપાસ, આંખ ચકાસણી જેવા કાર્યક્રમો હાથ ધરવામાં આવશે તેમ વિરેન્દ્રસિંહ યાદવ, અરુણ બુચ, શ્રી વાલેરા તથા ટ્રાફીક પીઆઈ શ્રી વ્યાસ દ્વારા સુચવવામાં આવ્યું હતું.

## પગરવ હોસ્પિટલમાં તા. ૨૧મીએ નિ:શુલ્ક નિદાન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૧૩

સિનિયર સિટીઝન કાઉન્સીલ પગરવ હોસ્પિટલ તેમજ રોટરી કલબ ઓફ ગાંધીનગરના સંયુકત ઉપક્રમે નિ:શુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ યોજવામાં આવ્યો છે તો તેના લાભ લેવા જણાવાયું છે. તા. ૨૧મી જાન્યુઆરીના રોજ સવારે નવથી એક વાગ્યા સુધી પગરવ હોસ્પિટલ સે-૨૩ ગાંધીનગરમાં આ કેમ્પ યોજાશે. જેમાં નિષ્ણાત તબીબો સેવા આપશે તેમ સિનિયર સિટિઝન કાઉન્સિલ ગાંધીનગરના સહમંત્રી રસિકભાઈ ગાંધીએ જણાવેલ છે.




માઉન્ટ કાર્મેલ શાળાના ઈકો કલબના કુલ ૭૦ વિદ્યાર્થીઓ દ્વારા આજે ઉત્તરાયણના પર્વના અનુસંધાનમાં 'પક્ષી બચાવો' રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ પક્ષી બચાવો પર વિવિધ પ્લેકાર્ડ બનાવી સૂત્રોચાર કર્યા હતા. આ રેલીમાં ગીર ફાઉન્ડેશનના ગાંધીનગરના ડે. ડાયરેકટર શ્રી હેમંતભાઈ સુથાર ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે 'પક્ષી બચાવો' અંતર્ગત માર્ગદર્શન આપ્યુ હતું અને શાળાની આ પ્રવૃત્તિને બિરદાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના આચાર્યા સિસ્ટર રેણુકાના માર્ગદર્શન હેઠળ ઈકો કલબ ઈન્ચાર્જ ટીચર હેમાંગીની દીપંકરે સફળતાપૂર્વક સંપન્ન કર્યું હતું.

## સરસ્વતી વિદ્યાલયમાં સ્વામી વિવેકાનાંદજીની જન્મજયંતિ ઉજવાઈ

સરસ્વતી વિદ્યાલયમાં સ્વામી વિવેકાનંદની જન્મજયંતિ નિમિત્તે વકતૃત્વ તેમજ ચિત્રસ્પર્ધાનું આયોજન કરાયું હતું. વકતૃત્વ સ્પર્ધામાં પ્રાથમિક વિભાગમાં પ્રથમ નંબરે તેમજ દ્વિતિય ક્રમે દવે યશ્વી અને મનસુરી આશિયાના વિજેતા બન્યા હતા. માધ્યમિક વિભાગમાં અસારી કિંજલ તેમજ પ્રીયદર્શી રાજ વિજેતા બન્યા હતા. ચિત્રસ્પર્ધામાં રાઠોડ હેમાંગીની, વાઘેલા શક્તિસિંહ, શુક્લા પ્રિયાંશી, યાદવ જય વિજેતા બન્યા હતા.